RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ટીઆરપી ગેમઝોનમાં બનેલ માનવસર્જિત આગની દુર્ઘટનાને સખત શબ્દોમાં વખોડી, મૃતકો પ્રત્યે ઘેરા શોક અને દુ:ખની લાગણી વ્યકત કરી સાંત્વના પાઠવે છે...

ગત શનિવારના રોજ રાજકોટના કાલાવાડ રોડ પર આવેલ ટીઆરપી ગેમઝોનમાં ભયાનક આગ લાગવાથી દુર્ભાગ્યપુર્ણ ઘટના સર્જાઈ હતી અને આ ઘટના એક માનવસર્જિત ઘટના કહી શકાય છે. જે કોઈપણ સંજોગોમાં સહન થઈ શકે તેમ નથી. આ ઘટના બનવાથી રાજકોટના દરેક લોકોના હદય કંપી ઉઠયા છે. તેથી રાજકોટ માટે આ ઘટના અત્યંત દુ:ખ દાયક હોય ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી. પી. વૈષ્ણવ દ્વારા આ અગ્નિકાંડ ઘટનાને સખત શબ્દોમાં વખોડવામાં આવે છે અને જે લોકો મૃત્યુ પામ્યાં છે તેઓને ઈશ્વર શાંતિ અર્પે અને જે લોકો ઈજાગ્રસ્ત થયા છે અને સારવાર હેઠળ છે તેઓ ઝડપથી સાજા થાય તે માટે હદયપૂર્વક પ્રાર્થના કરી સાંત્વના પાઠવે છે. તેમજ તેમના પરિવારજનો ઉપર આવી પડેલ આ દુ:ખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત આપે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીને ખાસ રજુઆત કરવામાં આવે છે કે રાજકોટમાં આ જે માનવસર્જિત અગ્નિકાંડની ઘટના બની છે તેમાં તાત્કાલીક ન્યાય મળે અને જે લોકો આ ઘટનામાં જવાદાર છે તેઓ સામે તાત્કાલીક કડકમાં કડક સજા કરીને એક નમુનેદાર નિર્ણય આપી કાયદો અને વ્યવસ્થાની પરિભાષા સાબિત કરે. જેથી કરીને મૃતકોના પરિવારજનોને શાંતિ મળે. સાથો સાથ આવનારા દિવસોમાં આવી અગ્નિકાંડની ઘટના ગુજરાત રાજયમાં કોઈપણ જગ્યા ન બને તે માટે કડક અમલવારી કરવા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

આ ઘટનામાં જે લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. તે આપણા જ સ્વજનો છે તે પ્રત્યે અત્યંત દુ:ખની લાગણી વ્યકત કરીએ છીએ. અમોને શ્રધ્ધા અને વિશ્વાસ છે કે આ ઘટનામાં સામેલ ચમરબંધીઓને સરકાર તેમજ કોર્ટ કોઈપણ સંજોગોમાં છોડશે નહી અને મૃતકોના પરિવારોને ટુંક જ સમયમાં ન્યાય મળશે. વધુમાં આ ઘટના બન્યાને બે દિવસ વિત્યા હોવા છતા પરિવારોને હજુ સુધી મૃતદેહો મળ્યા નથી તો આ બાબતે તાત્કાલીક અસરથી ઘટતું કરવું. જેથી કરીને પરિવારજનો ઉપર આવી પડેલ દુ:ખદ આપતીમાં અંશત: શાંતિ મળે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.